અહેવાલ

Date :- 07/09/2026



ભવન્સ કોલેજ, ડાકોર ખાતે રીડર્સ ક્લબ અંતર્ગત વાચક અભિવ્યક્તિ કાર્યક્રમ યોજાયો

ભવન્સ કોલેજ, ડાકોરના પુસ્તકાલયમાં રીડર્સ ક્લબ અંતર્ગત વિદ્યાર્થીઓને વાંચન માટે પ્રેરિત કરવા તથા વિવિધ વિષયો અને વિવિધ પ્રકારનાં પુસ્તકો વિશે માહિતી મેળવવાના હેતુથી 'વાચક અભિવ્યક્તિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગના વિદ્યાર્થીઓએ પુસ્તકોના વાંચનથી પ્રાપ્ત થયેલા પોતાના અનુભવો, વિચારો અને જ્ઞાનને સૌ સમક્ષ રજૂ કર્યા હતા. વિજ્ઞાન વિભાગના સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતા ઠાકોર કિરણ દ્વારા જન્માષ્ટમી વિષયક પુસ્તક/સાહિત્ય વિશે પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ વાણિજ્ય વિભાગના સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતી પઠાણ સિમરણબાનુએ પુસ્તકાલયમાં વાંચન દરમિયાન થયેલા પોતાના અનુભવો તથા પુસ્તકોમાંથી પ્રાપ્ત થયેલા જ્ઞાન વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.અંગ્રેજી વિભાગનાં ડો. ઇશિતાબેન પટેલએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પુસ્તકોના મહત્વ વિશે સમજાવ્યું અને પુસ્તકાલયમાં ઉપલબ્ધ પુસ્તકોનો અભ્યાસમાં તેમજ જ્ઞાનવૃદ્ધિ માટે કેવી રીતે યોગ્ય ઉપયોગ કરી શકાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ કાર્યક્રમમાં કોલેજના કા.આચાર્ય ડો. એસ. એ. ગાંધી સાહેબ, ઉપાચાર્ય ડો. એ. કે. ચૌધરી સાહેબ તથા આઈ.ક્યુ.એ.સી. કન્વીનર ડૉ ઇશિતાબેન પટેલ અને સ્પતધારા કન્વીનર ડૉ આર.બી. વાઘેલા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રીડર્સ ક્લબ તથા પુસ્તકાલય વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ વિકસાવવી, તેમને પુસ્તકો સાથે જોડવા તથા પુસ્તકાલયનો મહત્તમ ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયી અને સફળ રહ્યો હતો.